જય જય ગરવી ગુજરાત
Save Water – Save Earth.
પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૧ | ૧ મે, ૨૦૧૮, મંગળવાર ; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**રાહુલ જશે ડોકલામ**

રાહુલ ગાંધી ટૂંક સમયમાં સિક્કિમ અને અરૂણાચલપ્રદેશ જશે. તેઓ વિવાદાસ્પદ ક્ષેત્ર ડોકલામની મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરિક્ષણ કરશે.

**પાક. મૂળના સાંસદ બ્રિટનના ગૃહમંત્રી**

પાકિસ્તાની મૂળના સાંસદ સાજિદ જાવેદને બ્રિટનના નવા ગૃહમંત્રી પદે નિયુક્ત કરાયા છે. બ્રિટિશ કેબીનેટમાં મહત્વનું પદ મેળવનાર તેઓ પ્રથમ દક્ષિણ એશિયાઈ છે.

**રેલવે સ્ટેશન પરિસરમાંથી જ મળશે ઓલા-ઉબર**

બહારગામથી આવનારા ઉતારુઓને આવતાંની સાથે જ પરિવહનનો બીજો વિકલ્પ મળી રહે એ માટે રેલવેએ એપ આધારિત કેબ સેવાને સ્ટેશનમાં પરિસરમાં જ પાર્કિંગની જગ્યા આપવાનો નિર્ણય કર્યો છે. અત્યારે બેંગલુરુનાં કેટલાક સ્ટેશનો પર આ પ્રકારની સગવડ પૂરી પાડવામાં આવે છે

**બિહારમાં યૂકો બેન્કના ૩૫ લોકર તૂટ્યા**

બિહારના પૂર્ણિયા શહેરમાં મહિલા કોલેજ કેમ્પસ સ્થિત યુકો બેંકનાં ૭૨માંથી ૩૫ લોકર તૂટતાં ૧૦ કરોડનો માલસામાન ગાયબ થઈ ગયો છે. બેંક અધિકારીઓ આ ઘટનાને ચોરી તરીકે ગણાવી રહ્યા છે. જોકે તેમના અલગ અલગ અને વિરોધાભાસી નિવેદનોને કારણે શંકા ઊભી થઈ છે અને આ ઘટનાની એસઆઈટી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# અફઘાન ત્રણ આત્મઘાતી હુમલાથી હચમચ્યું

**૪૦ના મોત : મૃતકોમાં ૧૧ વિદ્યાર્થી અને ૭ મિડિયાકર્મી સહિત કુલ ૪૦ લોકોના મોત નિપજ્યા, ૪૫થી વધારે ઘાયલ પત્રકારો જ્યારે ઘટના સ્થળે રિપોર્ટિંગ કરી રહ્યા હતા ત્યારે બીજો બોમ્બ વિસ્ફોટ થયા : આતંકી હુમલાની જવાબદારી કોઈ પણ આતંકી સંગઠને લીધી નથી**



કાબૂલ,તા.૩૦

અફઘાનિસ્તાનમાં સોમવારે ત્રણ અલગ અલગ થયેલા આત્મઘાતી હુમલામાં કુલ ૪૦ લોકોના મોત થયા છે. જ્યારે ૪૫થી વધારે લોકો ઘાયલ થયા છે. આ દરેક આત્મઘાતી હુમલા હતા. પહેલાં બે બ્લાસ્ટ કાબુલમાં થયા હતા. તેમાં ૭ મીડિયાકર્મી સહિત ૨૯ લોકોના મોત થયા છે. ત્રીજો બ્લાસ્ટ કંધારમાં એક મદરેસામાં થયો હતો. તેમાં ૧૧ વિદ્યાર્થીઓના મોત થયા છે. નોંધનીય છે કે, ગયા સપ્તાહે પણ અહીં વોટર રજિસ્ટ્રેશન સેન્ટર પર એક આતંકી હુમલો થયો હતો. જેમાં ૬૦ લોકોના મોત થયા હતા.

પત્રકારો જ્યારે ઘટના સ્થળે રિપોર્ટિંગ કરી રહ્યા હતા ત્યારે બીજો બોમ્બ વિસ્ફોટ થયો હતો. જોકે બોમ્બ વિસ્ફોટની ઘટના બાદ કોઈ આતંકવાદી સંગઠને જવાબદારી લીધી નથી. કાબુલ પોલીસના પ્રવક્તાએ કહ્યુ કે, આ ઘટનાને આત્મઘાતી હુમલાખોરે અંજામ આપ્યો હોવાનું માનવામાં આવી રહ્યુ છે.કાબુલ પોલીસ પ્રમુખ દાઉદ અમીને કહ્યું કે પહેલા બોમ્બ બ્લાસ્ટના લગભગ અડધા કલાક બાદ બીજો બ્લાસ્ટ થયો. પહેલો બ્લાસ્ટ કવર કરવા માટે એકત્ર થયેલા રિપોર્ટર્સના એક સમૂહની પાસે બીજો બ્લાસ્ટ થયો.

● અનુસંધાન પાન-૫ પર

## કાશ્મીરમાં હિઝબુલનો ટોપ કમાન્ડર સમીર ટાઈગર ઠાર

**સલામતી દળોને મોટી સફળતા : સુરક્ષા દળો પર પથ્થરમારો છતાં પણ ઓપરેશન સફળ**



પુલવામા, તા. ૩૦

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ સાથેની અથડામણ દરમિયાન સુરક્ષા દળોએ મોટી સફળતા હાંસલ કરી હતી. પુલવામામાં ભીષણ એન્કાઉન્ટરમાં હિઝબુલના ટોપ કમાન્ડર સમીર ટાઈગરને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. બુરહાન વાનીની જેમ ટાઈગર પણ ખીણમાં હિઝબુલના નવા પોસ્ટર બોય તરીકે ઉભરી રહ્યો હતો. દ્રાબગામ વિસ્તારમાં આજે સવારે અથડામણ થઈ હતી.

ઠાર થયેલા ત્રાસવાદીની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક કબજે કરવામાં આવ્યા બાદ સેનાની આને મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. સુરક્ષા દળોએ ચોક્કસ બાતમીના આધારે આ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સુરક્ષા દળોએ ટાઈગરની સાથે સાથે આકિબ ખાન નામના વધુ એક ત્રાસવાદીને પણ ઠાર કરી દીધો હતો. વિસ્તારમાં બેથી ત્રણ ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ સમગ્ર વિસ્તારમાં ઘેરીને મોટુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

# એમ્સમાંથી ડિસ્ચાર્જ કરાતા લાલૂ લાલઘૂમ

નવીદિલ્હી,તા. ૩૦

દિલ્હીના ઓલઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એમ્સ)માંથી ચારા કૌભાંડના આરોપી અને આરજેડીના નેતા લાલૂ પ્રસાદ યાદવને ડિસ્ચાર્જ કરવાના મુદ્દે જોરદાર વિવાદ છેડાઈ ગયો છે. લાલૂ યાદવને ૨૯મી માર્ચના દિવસે આ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. છ તબીબોની મેડિકલ ટીમ એ વખતે તેમની સારવારના સંદર્ભમાં નિર્ણય કરવા રચવામાં આવી હતી. આજે જારી કરવામાં આવેલા નિવેદનમાં

**પોલીસ સાથે ખરાબ વર્તન : રાજકીય દ્વેષભાવ અને બદલાની ભાવનાથી ડિસ્ચાર્જ કરાયા : લાલૂ : હોસ્પિટલમાંથી રજા આપીને રાંચીની હોસ્પિટલમાં ફરી મોકલવામાં આવતા લાલૂએ સ્ટેશન ઉપર પોલીસની સાથે ખરાબ વર્તન કર્યુ**

● અનુસંધાન પાન-૫ પર




આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ

હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક

રાધે બેન્કવેટ હોલ
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
• આધુનિક સુવિધાથી સજ્જ
• આકર્ષક એમ્બિયન્સ
• કેટરિંગ સુવિધા ઉપલબ્ધ

કેશવમ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
• આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• વિશાળ રમણીય ગાર્ડન
• આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય

મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ

રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫
www.purplephase.in
રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


## બદ્રીનાથના પ્રવેશ દ્વાર ખુલતા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા

દહેરાદુન,તા. ૩૦

બાબા કેદારનાથ બાદ આજે વહેલી સવારે ધાર્મિક મંત્રોચ્ચાર વચ્ચે બદ્રીનાથ મંદિરના કપાટ પણ ખોલી દેવામાં આવ્યા હતા. મંદિરના કપાટ અથવા તો પ્રવેશ દ્વારા ખુલતાની સાથે જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનો ધસારો શરૂ થઈ ગયો હતો. શ્રદ્ધાળુઓ વહેલી સવારથી મંદિરના પ્રવેશ દ્વાર ખુલે તેવી રાહ જોઈ રહ્યા હતા.ચાર ધામની યાત્રામાં બદ્રીનાથ ધામ ખુ લોકપ્રિય અને પ્રસિદ્ધ પણ છે. આ મંદિર હિન્દુ શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર તરીકે પણ છે. ઉત્તરાખંડમાં અલકનંદા નદીના કિનારે સ્થિત આ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે. બદ્રીનાથ મંદિરના કપાટ પણ બાબા કેદારનાથની જેમ જ વર્ષમાં છ મહિના માટે જ ખુલે છે. જે એપ્રિલના અંતમાં અથવા તો મે મહિનાના પ્રથમ પખવાડિયામાં દર્શન માટે ખોલી નાંખવામાં આવે છે. આશરે છ મહિના સુધી પુજા અર્ચના ચાલ્યા બાદ નવેમ્બરના બીજા સપ્તાહમાં મંદિરના કપાટ બંધ કરી દેવામાં આવે છે. બદ્રીનાથ મંદિરની પાસે એક કુન્ડ છે. જે તુપ્ત કુન્ડ કહેવામાં આવે છે. જેમાંથી ગરમ પાણી નિકળે છે. આ કુન્ડમાં સ્થાનનુ ધાર્મિક મહત્વ છે.



## મહેબુબા મંત્રીમંડળમાં ફેરફાર

જમ્મુ, તા. ૩૦

જમ્મુ કાશ્મીરમાં મહેબુબા મુફ્તી પ્રધાનમંડળમાં આજે ધરખમ ફેરફાર કરવામાં આવ્યા હતા. સાથી પક્ષ ભાજપના મંત્રીઓના ગયા સપ્તાહમાં રાજીનામા બાદ ફેરફારની બાબત જરૂરી બની ગઈ હતી. આખરે આજે ફેરફાર કરવામાં આવ્યા હતા. કુલ આઠ ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવ્યા હતા જે પૈકી છ ભાજપના અને બે પીડીપીના મંત્રીઓ બન્યા છે. રાજ્યપાલ એનએન વ્હોરાએ સૌથી પહેલા

● અનુસંધાન પાન-૫ પર


આપની આતુરતાનો અંત.... હવે સ્પેશીયલ સેમીનાર
ચાલુ માર્કેટે ટ્રેડીંગ કરી અમને મળતો નફો પ્રત્યક્ષ નિહાળો...!
માર્કેટ ગુરૂજી ડો.હીમાંશુ પટેલ
શ્રીજી મધ બિલ્ડીંગ, ૬/૭, રોલાન એસ્ટેટ, ઈસનપુર-નારોલ હાઈવે, મોની હોટલ પાછળ, અમદાવાદ. 9825586821, 9773125676
શેરબજાર ઈન્ટ્રાડે લાઈવ ટ્રેડીંગ સેમીનાર
તા. ૩ અને ૪ મે-૨૦૧૮ ● સમય : સવારે ૮ થી સાંજે ૪
બ્રેકફાસ્ટ-લંચ-ચા કોફી-હાઈ ટી સાથે
રજીસ્ટ્રેશન ફી
રૂા. ૬૦૦/- (એક દિવસના) ● રૂા. ૧૦૦૦/- (બે દિવસના)
બે દિવસ આવનારને અઠવાડિયા માટેનો ટ્રેડીંગ સોફ્ટવેર ફ્રી
રજીસ્ટ્રેશન માટે : 9825586821, 9773125676
સેમીનારનું સ્થળ : ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ પ્રા. લિ.
ઘ-૦ સર્કલ, ઈન્દ્રોડા સર્કલ પાસે, એસ.જી. હાઈવે, ગાંધીનગર


## દિલ્હીમાં હળવો વરસાદ

નવી દિલ્હી,તા. ૩૦

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં અનેક જગ્યાએ હળવો વરસાદ પડવાના કારણે તીવ્ર ગરમીની સ્થિતી વચ્ચે લોકોને રાહત થઈ છે. જો કે દિવસમાં તીવ્ર ગરમીનો અનુભવ હજુ પણ થઈ રહ્યો છે. દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ હવામાનમાં પલટાની સ્થિતી જોવા મળી છે. રાષ્ટ્રીય પાટનગરમાં તોફાની વરસાદની સાથે મોડી રાત્રે વરસાદ થયો હતો. જો કે દિલ્હીના જુદા જુદા ભાગોમાં પારો ૪૨ સુધી પહોંચી ગયો છે. હવામાન વિભાગે કહ્યુ છે કે સાનુકુળ સ્થાનિક સ્થિતીના કારણે આ સ્થિતી સર્જાઇ છે.

ક્ષેત્રીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે શુક્રવાર સુધી આવી જ સ્થિતી રહી શકે છે. જુદા જુદા વિસ્તારમાં વરસાદ થઈ શકે છે. આગામી થોડાક દિવસ દરમિયાન હળવો વરસાદ જારી રહી શકે છે. વાદળો વરસાદી રહેશે.


જોઈએ છે
વોક ઈન ઈન્ટરવ્યુ
I.T.I./ધો.૧૨ પાસ ઉમેદવારો (૨૦) તાત્કાલિક જોઈએ છે.
બી-૨૨૫/૨૨૬, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર
ફોન (૦૭૯) ૨૯૭૫૦૩૮૮

SWIGGY FOOD DELIVERY APP ફુડ ડિલિવરી
વેકેશનમાં કોલેજીયન છોકરા-છોકરીઓ માટે નોકરીની ઉત્તમ તક
WALK IN INTERVIEW • 1st to 10th May
જોઈએ છે ફુલ / પાર્ટટાઈમ ફુડ ડિલિવરી એક્ઝીક્યુટીવ
ચાંદખેડા • મોટેરા • ગાંધીનગર એરીયા માટે
માસિક વેતન :12,000/- થી 18,000/- + ઈન્સેન્ટીવ + ₹6 LAC ઈન્સ્યોરન્સ
સાયકલ • ટુ વ્હીલર એન્ડ્રોઈડ મોબાઈલ જરૂરી
Cont.: 079-33685265 સવારે: ૯ થી સાંજે ૫
એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર

શિવરંજની
"શિવરંજની" વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રારંભે
તા.૧૯-૨૦ મે, ૨૦૧૮ના રોજ બે દિવસનો
"સ્વરોત્સવ-૨૦૧૮",
૧) સલીલ મહેતા પ્રસ્તુત "સુરીલી સરગમ"-કલ્યાણી કૌઠાળકર અને ગાર્ગી વોરા
૨) "લોકસાહિત્ય. . . સંગીતનો જલસો" – લોકસાહિત્યના મર્મી & One Man Army પદ્મશ્રી શ્રી ભિખુદાનભાઇ ગઢવી.

| | |
|---|---|
| ગ્રૃપ - વિશેષ સહકાર | રૂ.૨૨૦૦/- પ્રતિવ્યક્તિ ( A, B અને Cરોટેશનથી) |
| ગ્રૃપ - A | રૂ.૧૨૦૦/- પ્રતિવ્યક્તિ ( D થી L રોટેશનથી) |
| ગ્રૃપ - B | રૂ. ૬૦૦/- પ્રતિવ્યક્તિ ( M થી વહેલા તે પહેલાના ધોરણે ) |

સભ્યપદ માટે સંપર્ક

| | |
|---|---|
| શ્રી જયરાજસિંહ સરવૈયા- ૯૮૨૫૨ ૫૩૯૩૩ (સે.૨/A) | શ્રી મહેન્દ્રભાઇ ભાવસાર - ૯૮૨૫૪ ૬૩૮૩૫ (સે.૫/B) |
| શ્રી પિનાકીન વ્યાસ - ૯૯૦૪૧ ૫૮૩૬૯ (સે.૪/C) | શ્રીમતી મમતા રાવલ - ૯૮૭૯૫ ૨૮૭૨૨ (સે.૭) |
| શ્રી ભાવિન પટેલ - ૯૮૭૯૦૫૭૫૫૬ (સે.૨૭) | શ્રી દર્પણ બૂચ - ૯૮૨૫૨ ૬૭૦૬૧ (સે.૨૮) |
| સુશ્રી ઉમાબેન ભટ્ટ – ૯૯૦૪૧ ૫૮૩૬૯ (સે.૨૨) | અન્ય તમામ કારોબારી સભ્યો |

વર્ષમાં ડાયરો, ગઝલ, ગુજરાતી સુગમ સંગીત, જુના ફિલ્મી ગીતો, ભક્તિ સંગીત જેવા કાર્યક્રમો.
તમામ ગ્રૃપમાં સભ્યપદ નોંધણી ચાલુ.
વાગ્મિન બૂચ
પ્રમુખ, શિવરંજની, ૯૯૭૮૪ ૦૬૩૮૯(સે.૭/A)
તા.ક. સંસ્થાના ઓડીટેડ હિસાબો દર વર્ષે ઉપલબ્ધ હોય છે.